# الأذكار التي تقال صباحًا ومساءً

(શરૂ કરું છું) અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે. એવી દુઆઓ જે સવાર-સાંજ પઢવામાં આવે છે.

(اللَّهُ لا إِلَهَ إِلا هُوَ الْحَيُّ الْقَيُّومُ لا تَأْخُذُهُ سِنَةٌ وَلا نَوْمٌ لَهُ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الأَرْضِ مَنْ ذَا الَّذِي يَشْفَعُ عِنْدَهُ إِلا بِإِذْنِهِ يَعْلَمُ مَا بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ وَلا يُحِيطُونَ بِشَيْءٍ مِنْ عِلْمِهِ إِلا بِمَا شَاءَ وَسِعَ كُرْسِيُّهُ السَّمَوَاتِ وَالأَرْضَ وَلا يَؤُودُهُ حِفْظُهُمَا وَهُوَ الْعَلِيُّ الْعَظِيمُ).

{અલ્લાહ સિવાય કોઈ જ ઇલાહ નથી, જે હંમેશાથી જીવિત છે અને સૌને સંભાળી રાખનાર છે, જેને ન ઉંઘ આવે છે ન નિંદ્રા, આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે, દરેક તેનું જ છે કોણ છે, જે તેની પરવાનગી વગર તેની સામે ભલામણ કરી શકે? જે કંઈ લોકોની સામે છે, તે તેને પણ જાણે છે અને જે કંઈ તેમનાથી અદ્રશ્ય છે, તેને પણ જાણે છે, તેઓ તેના જ્ઞાન માંથી કોઇ વસ્તુનો ઘેરાવ નથી કરી શકતા પરંતુ જેટલું તે ઇચ્છે, તેની કુરસીની ચોડાઇએ ધરતી અને આકાશને ઘેરી રાખ્યા છે અને અલ્લાહ તઆલા તેની દેખરેખથી થાકતો નથી, તે તો ઘણો જ મહાન અને ઘણો જ મોટો છે}

આયતુલ્ કુરસી: અલ્ બકરહ ૨૫૫.

(آمَنَ الرَّسُولُ بِمَا أُنْزِلَ إِلَيْهِ مِنْ رَبِّهِ وَالْمُؤْمِنُون ۚ كُلٌّ آمَنَ بِاللَّهِ وَمَلائِكَتِهِ وَكُتُبِهِ وَرُسُلِهِ لا نُفَرِّقُ بَيْنَ أَحَدٍ مِنْ رُسُلِهِ وَقَالُوا سَمِعْنَا وَأَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَإِلَيْكَ الْمَصِير * لا يُكَلِّفُ اللَّهُ نَفْساً إِلا وُسْعَهَا لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ رَبَّنَا لا

تُؤَاخِذْنَا إِنْ نَسِينَا أَوْ أَخْطَأْنَا رَبَّنَا وَلا تَحْمِلْ عَلَيْنَا إِصْراً كَمَا حَمَلْتَهُ عَلَى الَّذِينَ مِنْ قَبْلِنَا رَبَّنَا وَلا تُحَمِّلْنَا مَا لا طَاقَةَ لَنَا بِهِ وَاعْفُ عَنَّا وَاغْفِرْ لَنَا وَارْحَمْنَا أَنْتَ مَوْلانَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكَافِرِينَ).

{પયગંબરો પર જે કંઈ તેમના પાલનહાર તરફથી ઉતર્યું, તેના પર તે પોતે પણ ઇમાન લાવ્યા અને સૌ ઇમાનવાળાઓ પર ઈમાન લાવ્યા, તેઓ અલ્લાહ તઆલા, અને તેના ફરિશ્તાઓ પર અને તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઇમાન લાવે છે, અને કહે છે કે અમે પયંગબરો માંથી કોઇ પયગંબર વચ્ચે તફાવત નથી કરતા, તેઓએ કહે છે કે અમે આદેશો સાંભળ્યા અને આજ્ઞાનું પાલન કર્યું, હે અમારા પાલનહાર ! અમે તારી માફી ઇચ્છીએ છીએ અને અમને તારી જ તરફ પાછા ફરવાનું છે.*

અલ્લાહ તઆલા કોઇ વ્યક્તિને તેની શક્તિ કરતા વધારે તકલીફ નથી આપતો, જો કોઈ વ્યક્તિ સારૂં કામ કરશે તો તેને તેનો બદલો જરૂર મળશે, અને જો ખોટું કાર્ય કરશે તો તેની સજા તેને જ મળશે, (ઇમાનવાળાઓ અલ્લાહથી આ રીતે દુઆ કરો) હે અમારા પાલનહાર ! જો અમારાથી ભુલચૂક થઈ ગઈ હોય તો તેના પર અમારી પકડ ન કરીશ, હે અમારા પાલનહાર ! અમારા પર એટલો ભાર ન નાખ, જે અમારા પહેલાના લોકો પર

નાખ્યો હતો, હે અમારા પાલનહાર ! જે ભાર અમે ઉઠાવી ન શકતા હોય, તે અમારાથી ન ઉઠવડાવશો,અમને માફ કરી દે, અને અમારા પર દયા કર, તું જ અમારો માલિક છે, અમને કાફિરો વિરુદ્ધ તું અમારી મદદ કરી}.

આયત ૨૮૫-૨૮૬ અલ્ બકરહ

(قُلْ هُوَ اللَّهُ أَحَدٌ) (قُلْ أَعُوذُ بِرَبِّ الْفَلَقِ) (قُلْ أَعُوذُ بِرَبِّ النَّاسِ).

{તમે કહી દો કે અલ્લાહ  એક જ છે}

{તમે કહી દો ! કે હું સવારના પાલનહારની શરણમાં આવું છું}.

{તમે કહી દો ! કે હું લોકોના પાલનહારની શરણમાં આવું છું}.

ઉપરોક્ત સૂરતો સંપૂણ ત્રણ વખત પઢવી.

أعوذ بكلمات الله التامات من شر ما خلق.

હું અલ્લાહના સંપૂણ કલિમા સાથે તે દરેક વસ્તુથી પનાહ માંગું છું, જે તેણે પેદા કરી છે. (ત્રણ વખત).

بسم الله الذي لا يضر مع اسمه شيء في الأرض ولا في السماء وهو السميع العليم.

તે અલ્લાહના નામથી શરૂ કરૂં છે, જેનું નામ હોવાથી કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકતી નથી, ભલેને તે

વસ્તુ જમીનની હોઈ કે આકાશની, અને તે અલ્લાહ સાંભળવાવાળો અને જાણવાવાળો છે. (ત્રણ વખત).

رضيت بالله ربًّا وبالإسلام دينًا وبمحمد صلى الله عليه وسلم نبيًّا.

હું રાજી છું, અલ્લાહના પાલનહાર હોવા પર, ઇસ્લામના દીન હોવા, અને મુહમ્મદ ﷺ નાં નબી હોવા પર. (ત્રણ વખત).

أصبحنا وأصبح الملك لله والحمد لله لا إله إلا الله وحده لا شريك له، له الملك وله الحمد وهو على كل شيء قدير، رب أسألك خير ما في هذا اليوم وخير ما بعده، وأعوذ بك من شر ما في هذا اليوم ومن شر ما بعده، ربِّ أعوذ بك من الكسل والهرم وسوء الكِبَر، وأعوذ بك من عذاب النار وعذاب القبر.

અમે સવાર કરી અને અલ્લાહનું સામ્રાજ્ય હમેંશા રહેશે, દરેક પ્રકારના વખાણ ફક્ત અલ્લાહ માટે જ છે, તેના સિવાય કોઈ ઇલાહ નથી, તે એક જ છે, તેનો કોઈ ભાગીદાર નથી, સામ્રાજ્ય તેનું જ છે અને દરેક પ્રકારના વખાણ પણ તેના જ માટે છે, અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે, હે મારા પાલનહાર ! હું તારી પાસે આ દિવસની ભલાઇનો સવાલ કરું છું, અને તેનો પણ જે તેના પછી હોય, અને આ રાતની બુરાઈથી પનાહ માંગુ છું અને તેનાથી પણ જે પછી હોય, હે મારા પાલનહાર ! હું આળસ, વૃદ્ધાવસ્થાની બુરાઈથી તારી પનાહ માંગુ છું,

હે મારા પાલનહાર હું જહન્નમના અઝાબ અને કબરના અઝાબથી પણ તારી પનાહ માંગુ છું. અને સાંજના સમયે કહેવું:

أمسينا و أمسى الملك لله،

અલ્લાહના માટે અમે સાંજ કરી અને સમગ્ર સૃષ્ટિએ સાંજ કરી, અને કહેવું:

رب أسألك خير ما في هذه الليلة...

તે રાત જેમાં ભલાઈ છે, અને જે તેનાં પછી છે, તેમાં ભલાઈ છે, હું તારાથી તેનો સવાલ કરૂં છું... અંત સુધી કહેવું, પરંતુ (અસ્બહના વ અસ્બહલ્) ની જગ્યાએ અમ્સયના વ અમસા લિલ્લાહી અને હાઝલ્ યવ્મિની જગ્યાએ હાઝિહીલ્ લૈયલી કહેવું.

اللهم بك أصبحنا وبك أمسينا وبك نحيا وبك نموت و اليك النشور.

હે અલ્લાહ ! તારા નામ સાથે અમે સવાર કરી, અને તારા નામ સાથે અમે સાંજ કરી અને તારા નામ સાથે અમે જીવિત છે, અને તારા નામ સાથે અમે મૃત્યુ પામીશું, અને તારી તરફ જ ઉઠીને પાછા ફરવાનું છે. અને સાંજના સમયે કહેવું:

اللهم بك أمسينا وبك أصبحنا وبك نموت وبك نحيا و إليك المصير.

હે અલ્લાહ ! તારા નામ સાથે અમે સાંજ કરી , અને તારા નામ સાથે અમે સવાર કરી અને તારા નામ સાથે અમે જીવિત છે, અને તારા નામ સાથે અમે મૃત્યુ પામીશું, અને તારી તરફ જ ઉઠીને પાછા ફરવાનું છે.

اللهم ما أصبح بي من نعمة أو بأحد من خلقك فمنك وحدك لا شريك لك فلك الحمد ولك الشكر.

હે અલ્લાહ ! સવારે જે કઈ નેઅમતો છે અથવા સર્જન માંથી કોઇની પાસે કઈ પણ નેઅમત છે એ તારી જ આપેલી છે, તું એકલો છે, તારો કોઈ ભાગીદાર નથી, બસ ! તારા માટે જ પ્રશંસા છે, અને તારા માટે જ શુક્ર છે. અને સાંજના સમયે કહેવું:

ما أمسى بي.

જે નેઅમત સાથે પણ પણ સાંજ કરી.

(ત્રણ વખત).

اللهم إني أسألك العافية في الدنيا والآخرة، اللهم إني أسألك العفو والعافية في ديني ودنياي وأهلي ومالي، اللهم استر عوراتي وآمن روعاتي، اللهم احفظني مِن بين يديَّ ومِن خلفي وعن يميني وعن شمالي ومن فوقي، وأعوذ بعظمتك أن أُغتال من تحتي.

હે અલ્લાહ ! હું તારા પાસે દુનિયા અને આખિરતમાં સલામતીનો સવાલ કરું છું, હે અલ્લાહ ! હું મારા દીન, મારી દુનિયા, મારા ઘર અને મારા માલમાં તારી પાસે

માફી અને સલામતીનો સવાલ કરૂં છું, હે અલ્લાહ ! મારી પરદહ વાળી વસ્તુ પર પડદો નાખી દે, અને મારી ગભરાહટને શાંતિમાં ફેરવી દે, હે અલ્લાહ ! મારી સામેથી, પાછળથી, મારી જમણી બાજુથી, ડાબી બાજુથી, અને મારી ઉપરથી મારી સુરક્ષા કર, અને એ વાતમાં હું તારી મહાનતાની પનાહમાં આવું છું કે અચાનક પોતાની નીચેથી બરબાદ થઈ જાઉં.

اللهم أنت ربي لا إله إلا أنت، خلقتني وأنا عبدك وأنا على عهدك ووعدك ما استطعت، أعوذ بك من شر ما صنعت، أبوء لك بنعمتك عليّ، وأبوء بذنبي، فاغفر لي فإنه لا يغفر الذنوب إلا أنت.

હે અલ્લાહ ! તું મારો પાલનહાર છે, તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તે મને પેદા કર્યો અને હું તારો બંદો છું, અને હું જે રીતે તાકાત રાખું છું તારા વચન અને વાયદા પર અડગ છું, અને મેં જે કંઈ પણ કર્યું તેની બુરાઈથી તારી પનાહ માંગુ છું, મારા પર તારા ઇનામો નો સ્વીકાર કરૂં છું,અને મારા ગુનાહો ને કબૂલ કરૂં છું, બસ ! તું મને માફ કરી દે, કારણ કે તારા સિવાય કોઈ ગુનાહો ને માફ કરનાર નથી.

اللهم فاطر السماوات والأرض، عالم الغيب والشهادة، ربَّ كل شيء ومَلِيكه، أشهد أن لا إله إلا أنت، أعوذ بك من شر نفسي ومن شر الشيطان وشركه وأن أقترف على نفسي سوءاً أو أجُرَّه إلى مسلم.

હે અલ્લાહ ! આકાશો અને જમીનનું સૌથી પહેલા સર્જન કરનાર, છૂપુ અને જાહેરને જાણનાર, દરેક વસ્તુના પાલનહાર અને માલિક ! હું સાક્ષી આપું છું કે તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, હું તારી પનાહ માંગુ છું, મારા નફ્સની બુરાઈથી, અને શૈતાનની બુરાઈ થી, અને તેના શિર્કથી, અને એ વાતથી કે હું મારા નફ્સનું અનુસરણ કરું, અથવા કોઈ મુસલમાન ભાઈની બુરાઈ કરૂં.

اللهم إني أصبحت أُشهدُك وأشهد حملة عرشك وملائكتك وأنبياءك وجميع خلقك بأنك أنت الله لا إله إلا أنت وأن محمدًا عبدك ورسولك.

હે અલ્લાહ ! મેં સવાર કરી, અને હું તને અને તારા અર્શને ઉઠાવનાર ફરિશ્તાઓને અને તારા પયગંબરને અને તારી દરેક મખલુકને સાક્ષી બનાવું છું કે તું જ અલ્લાહ છે, તારા સિવાય કોઈ સાચો ઇલાહ નથી, અને મુહમ્મદ તારા બંદા અને પયગંબર છે. અને સાંજે કહેવું

اللهم إني أمسيت...

હે અલ્લાહ ! મેં સાંજ કરી... અંત સુધી (ચાર વખત).

અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી, તે એકલો જ છે, અને તેનો કોઈ ભાગીદાર નથી, તેના માટે જ સામ્રાજ્ય

છે અને તેના માટે જ પ્રસંશા છે,  અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે. (સો વખત) સવારે અને સાંજે.

حسبي الله لا إله إلا هو عليه توكلت وهو رب العرش العظيم.

મારા માટે અલ્લાહ પૂરતો છે, તેના સિવાય કોઈ ઈલાહ નથી, હું તેના પર જ ભરોસો કરુ છું અને તે મહાન "અર્શ" નો માલિક છે. (સાત વખત).

سبحان الله وبحمده

અલ્લાહ પવિત્ર છે અને તેના માટે જ પ્રસંશા છે (સો વખત) સવારે અને સાંજે અથવા બન્ને વખત સો વાર.

أستغفر الله وأتوب إليه.

હે અલ્લાહ ! હું તારી પાસે માફી માંગું છું અને તારી તરફ પાછો ફરું છું. (સો વખત)

આ એક કિતાબચો છે, હું અલ્લાહથી દુઆ કરૂં છું કે આના દ્વારા લોકોને ફાયદો પહોંચે.

આ કિતાબને મુહમ્મદ સાલિહ અલ્ ઉષૈમી રહ. એ ૨૦-૧-૧૪૧૮ હિજરીસનમાં લખી.

# અનુક્રમણિકા

No table of contents entries found

gu312v2.0 - 04/09/2026